ક્રમાંક:જિપં/શિક્ષણ/ઈ.૪(૨)/ન.શા.મં/૨૦૧૯ /૧૧૯૭૦થી
૧૧૯૭૨
જિલ્લા પંચાયત કાર્યાલય,
શિક્ષણ શાખા,ભરૂચ.
તારીખ :- ૦૧/૦૭/૨૦૧૯

પ્રતિ,
**કેલૉરિક્ષ એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન,**
**સંચાલિત,**
**નર્મદા કેલૉરિક્ષ પબ્લિક સ્કુલ,**
**ચાવજ રોડ,**
**તા.જિ.ભરૂચ.**

વિષય :- **ધોરણ ૧થી ૫ તેમજ ધોરણ ૬થી ૮ની અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાને કાયમી મંજુરી આપવા બાબત.**

સંદર્ભ.:- **કેલૉરિક્ષ એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન,સંચાલિત,નર્મદા કેલૉરિક્ષ પબ્લિક સ્કુલ, ચાવજ રોડ, તા.જિ.ભરૂચ.ની તા.૧૭/૦૫/૨૦૧૯ની દર્ખાસ્ત**

૧. શિક્ષણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ખપશ/૧૦૧૨/૫ તા.૨૬/૦૬/૨૦૧૨ના
૨. નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગરના તા.૨/૪/૨૦૧૩ના પત્ર ક્રમાંક:પ્રાશિનિ/માન્યતા /૨૦૧૩/ ૧૬૯૧–૧૭૪૯
૩. અત્રેનિ કચેરીના પત્રક્રમાક જિ.પ/શિક્ષણ/ઇ.૪(૨)/૨૦૧૭ તા.૨૫/૦૭/૨૦૧૭ થી જુન ૨૦૧૫ થી મે -૨૧૦૯ સુધી આપેલ મજુરી.
૪. આપની રજુ થયેલ દરખાસ્ત ફાઈલ **તા.૧૭/૦૫/૨૦૧૯.**
૫. અમોએ **તા.૨૩/૦૫/૨૦૧૯.** ના રોજ આપની શાળાની લીધેલ રૂબરૂ મુલાકાત.

આમુખ-૧ અને ૨માં જણાવ્યા મુજબની વિગતે ખાનગી પ્રાથમિક શાળાઓને મંજુરી-માન્યતા આપવા અંગેના ઠરાવ સૂચના થયેલ છે.

આ કામે આમુખ-૩ મુજબના પત્રથી ધોરણ ૧ થી ૫ નો અંગ્રેજી માધ્યમ તેમજ ધોરાણ ૬ થી ૮ અગ્રેજી માદ્યમ્ની આપની શાળાને જુન ૨૦૧૫ થી મે –૨૦૧૯ સુધીની મજુરી આપવામા આવેલ હતી.

આ કામે આમુખ-૪ મુજબના પત્રથી આપે રીન્યુ કરવા માટેની દરખાસ્ત રજુ કરેલ છે જે અન્વયે અમોએ આપની શાળાની રૂબરૂ તપાસ કરી અહેવાલ રજુ કરેલ છે. જે અન્વયે આમુખ-૫ મુજબના પત્રથી તપાસ અહેવાલ ચેકલીસ્ટ સહિત સાદર કરેલ છે. સદર શાળાને મંજુરી આપવાની થાય છે.

સબબ આ કામે રજુ થયેલ સાધનિક કાગળો સાથેની દરખાસ્ત તથા અમારો આપની શાળાનો તપાસ અહેવાલને ધ્યાને લેતા, **કેલૉરિક્ષ એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન,સંચાલિત,નર્મદા કેલૉરિક્ષ પબ્લિક સ્કુલ,ચાવજ રોડ, તા.જિ.ભરૂચ**ને કાયમી ધોરણે અંગ્રેજી માદ્યમની ધોરણ ૧થી ૫ તેમજ ધોરણ ૬ થી ૮



Scanned by CamScanner

ની રીન્યુ શાળા શરૂ કરવા નીચે જણાવેલ શરતોનું પાલન કરવાની શરતે જુન – ૨૦૧૯ થી કાયમી ધોરણે મંજુરી આપવામાં આવે છે.

શરતો :-

(૧) પ્રવેશ વખતે શાળા સંચાલક મંડળ કે શાળા ધ્વારા કોઈપણ પ્રકારની કેપીટેશન ફી, દાન(ડોનેશન), અનામત લઈ શકશે નહી કે વાલીઓ કે બાળકોના ઈન્ટરવ્યુ લઈ શકશે નહિં.

(૨) શાળા કોઈ બાળકને ઉમરના પુરાવાના અભાવે પ્રવશ માટે ના પાડી શકશે નહી કે ધર્મ, જ્ઞાતિ કે જાતિ કે જન્મસ્થળ કે તેમાંથી કોઈપણ એક કારણસર પ્રવેશ આપવા માટે ના પાડી શકશે નહી.

(૩) શાળાએ ખાત્રી આપવાની રહેશે કે,શાળામાં દાખલ થયેલ કોઈપણ બાળકને પ્રાથમિક શિક્ષણ પુરૂ થાય ત્યાં સુધી કોઈ એક વર્ગમાં રોકી શકશે નહી. કે વર્ગ કે શાળામાંથી બહાર કાઢશે નહી.

- કોઈપણ બાળકને શારીરિક શિક્ષા કરશે નહી કે માનસીક ત્રાસ આપશે નહી.
- પ્રાથમિક શિક્ષણ પુરૂ કરનાર પ્રત્યેક વિદ્યાર્થીને તે અંગેનું પ્રમાણપત્ર આપશે.
- મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમની ૧૯૪૭ અને મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો ૧૯૪૯ની જોગવાઈ મુજબ નિયત થયેલ લાયકાતવાળા શિક્ષકોને જ નિમણુંક આપશે.
- શાળાનો કોઈ શિક્ષક ખાનગી ટયુશનને લગતી પ્રવૃતિમાં ભાગ લેશે નહી.

(૪) રાજય સરકાર ધ્વારા નિયત કરેલ સક્ષમ શૈક્ષણિક સત્તા મંડળ ધ્વારા નકકી કરેલા અભ્યાસક્રમને શાળામાં ભણાવવાના રહેશે.

(૫) શાળા પાસે જેટલા વિદ્યાર્થીઓ સમાવી શકે તેવી માળખાકીય વ્યવસ્થા હોય તેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

(૬) શાળાની અંદર કોઈપણ પ્રકારના અમાન્ય વર્ગો ચલાવવાના રહેશે નહી કે તે જ નામ હેઠળ અન્ય જગ્યાએ શાળા અમાન્ય વર્ગો ચલાવી શકશે નહી.

(૭) શાળાનું મકાન મેદાન કે અન્ય માળખાગત સુવિધાનો ઉપયોગ ફકત શિક્ષણ અને કુશળતા વિકસાવવામાં કરશે. સોસાયટી રજીસ્ટ્રેશન એકટ–૧૮૬૦ અથવા અન્ય કોઈપણ કાયદા હેઠળ રચાયેલ મંડળ (સોસાયટી) જ શાળા ચલાવી શકશે.

(૮) શાળા કોઈપણ વ્યકિત અથવા મંડળ અથવા વ્યકિતઓના મંડળ કે અન્ય વ્યકિતઓ ધ્વારા નફા કરવાના હેતુથી ચલાવી શકશે નહી.

(૯) શાળાના નાણાંકીય હિસાબોનું ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે ઓડીટ કરાવી તેનું પ્રમાણપત્ર અને જરૂરી સ્ટેટમેન્ટ સર્ટીફાય કરવાનું રહેશે. અને તેની એક નકલ આ કચેરીમાં મોકલી આપવાની રહેશે.

(૧૦) શાળા ધ્વારા આ કચેરી ધ્વારા કે રાજય સરકાર અથવા સ્થાનિક સંસ્થાઓ ધ્વારા વખતો વખત જે પ્રકારની માહિતી માન્યતાની શરતોને પાલન અર્થે કે તેની ત્રુટીઓ દુર કરવા માટે જે માહિતી માંગવામાં આવે તે શાળા ધ્વારા પુરી પાડવાની રહેશે.

(૧૧) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના તા.૧૮/૨/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/ ૧૧૨૦૧૧–૧૪૯–ક મુજબનું પાલન કરવાનું રહેશે

(૧૨) એફ.આર.સી. ની શરતો અને જોગવાઇઓનુ પાલન કરવાનુ રહેશે.

(૧૩) સોગંદનામાની તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.



Scanned by CamScanner

(૧૪) ધ રાઈટ ઓફ ચીલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંમ્પલસરી એજ્યુકેશન એકટ–૨૦૦૯ ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) ઉકત સુચનાઓનું પાલન કરવાની શરતે **કેલોરેક્ષ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન,સંચાલિત,નર્મદા કેલોરેક્ષ પબ્લિક સ્કુલ,ચાવજ રોડ, તા.જિ.ભરૂચ ધોરણ ૧ થી ૫ અંગ્રેજી માધ્યમ** તેમજ ધોરણ ૬ થી ૮ **અંગ્રેજી માધ્યમ ના રીન્યુ શાળા જુન – ૨૦૧૯ થી કાયમી ધોરણે** મંજુરી આપવામાં આવે છે.

(૧૬) ઉપરોકત શરતોનું પાલન ન કરવામાં આવે તો શાળાની માન્યતા રદ કરવામાં આવશે.

(કે.પી.પટેલ)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,
જિલ્લા પંચાયત,ભરૂચ.

<u>નકલ સવિનય રવાના</u> :– માન.નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨/૧,સચિવાલય,ગુ.રા.ગાંધીનગર તરફ જાણ સારૂં

નકલ રવાના : - તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, તાલુકા પંચાયત, **ભરુચ** તરફ જાણ સારૂ તથા હુકમમાં જણાવેલ શરતોનું પાલન કરાવવા સારૂ



Scanned by CamScanner